# મોડાસા સુકાબજાર બોમ્બ બ્લાસ્ટ કેસ પુરાવાના અભાવે બંધ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં મોડાસાની મેઈન બજાર એવા ચુકાબજાર વિસ્તાર કે જ્યાં લઘુમતિ સમાજના લોકોની સંખ્યા જોવા મળે છે. ૨૦૦૮માં મસ્જિદની બાજુમાં રાત્રીના નમાઝ છુટવાના સમય અગાઉ બાઈકમાં રહેલા થેલામાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. જેમાં ૧ કિશોરનું મોત નિપજ્યું હતું અને ૧૬ વ્યક્તિઓના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. એકાએક થયેલા બોમ્બ બ્લાસ્ટથી મોડાસા શહેર દેશ-દુનિયાના સમાચાર પત્રો અને મીડીયામાં છવાયું હતું. બોમ્બ બ્લાસ્ટથી મોડાસા શહેરમાં તણાવની સ્થિતિ પેદા થઈ હતી.

સમગ્ર બોમ્બ બ્લાસ્ટની તપાસ મોડાસા પોલીસ દ્વારા ઉકેલવામાં નિષ્ફળ રહેતા આ કેસની તપાસ એન.આઈ.એ.ને સોંપાઈ હતી. એન.આઈ.એ દ્વારા કોર્ટમાં પુરાવા ન મળતા આ કેસ બંધ કરવાની સમરી ભરતા મૃતક કિશોર અને





અસરગ્રસ્તોમાં અને તેના પરિવારજનોમાં રોષ ફેલાયો છે.

મોડાસા શહેરમાં સુકાબજારમાં વર્ષ ૨૦૦૮માં રાત્રીના ૯ વાગ્યાના અરસામાં સુકાબજારમાં પાર્ક કરાયેલી એક બિનવારસી બાઈકમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. પ્રચંડ ધડાકા સાથે થયેલા બોમ્બ બ્લાસ્ટથી સુકાબજાર અને લઘુમતિ વિસ્તારમાં અફડાતફડી મચી ગઈ હતી. આ બોમ્બ બ્લાસ્ટમાં બાઈક નજીક ઉભેલા જેનુલ આબેદીન અયુબભાઈ ઘોરી નામના કિશોરનું કમકમાટીભર્યુ મોત નિપજ્યુ હતુ. જ્યારે અન્ય ૧૬ વ્યક્તિઓના શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી. મોડાસામાં થયેલા બોમ્બ પ્લાસ્ટની મોડ્સ ઓપરેડી માલેગાવ બ્લાસ્ટ પ્રકારની જ હતી. આ બનાવની તપાસ મોડાસા સ્થાનિક પોલીસને સોંપાયા બાદ કોઈ પરિણામ ન મળતા આ કેસની તપાસ એન.આઈ.એ ને સોંપવામાં આવી હતી. સતત ૮ વર્ષ સુધી એન.આઈ.એ.ની ટીમે તપાસ હાથ ધરી હોવાનું જણાવી કોઈ નક્કર પુરાવા ન મળતા હોવાથી ક્લોજર રીપોર્ટ મેળવી લઈ કેસ બંધ કરી દેવાતા અસરગ્રસ્તોના પરિવારમાં રોષની લાગણી ફેલાઈ છે. એન.આઈ.એ.ની ટીમે અચાનક કેસ બંધ કરી દેવાની જાહેરાત કરતા અસરગ્રસ્તોના પરિવારજનોને આ કેસમાં ન્યાય મેળવવા અન્ય યોગ્ય તપાસ એજન્સીને તપાસ કરવા ઉગ્ર માંગ કરી હતી.



મોડાસા નગરપાલિકા વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસી જી.આઈ. ખાલકે જણાવ્યું હતુ કે આઠ-આઠ વર્ષ સુધી બોમ્બ બ્લાસ્ટ કેસમાં લાખો રૂપિયાનો ધુમાડો કર્યા બાદ અને આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં આ બોમ્બ બ્લાસ્ટ કેસમાં યોગ્ય પુરાવા ન મળતા હોવાના બહાના હેઠળ આ કેસ બંધ કરી દેવાનો નિર્ણય ખરેખર દુખદ અને પોલીસતંત્ર અને તપાસ કરનાર એજન્સી માટે શરમજનક સ્થિતિ પેદા થઈ હોવાનુ જણાવ્યુ હતુ. રાજ્ય સરકારે આ બોંબ બ્લાસ્ટની ગંભીરતા સમજી અન્ય કોઈ યોગ્ય તપાસ એજન્સીને કામ સોંપી યોગ્ય નિર્ણય કરી અસરગ્રસ્તો અને મૃતકના પરિવારજનોને ન્યાય મળે તેવી પ્રબળ માંગ કરી હતી.

**એન.આઈ.એ. પણ કેસ ઉકેલવામાં નિષ્ફળ રહેતા અસરગ્રસ્તોના પરિવારજનોમાં રોષ ફેલાયો : અસરગ્રસ્તોએ ન્યાય મેળવવા અન્ય સક્ષમ એજન્સીને તપાસ સોંપવા ઉગ્ર માંગ કરી : ૨૦૦૮માં થયેલા બોમ્બ બ્લાસ્ટમાં ૧ કિશોરનું મોત અને ૧૬ વ્યક્તિઓ ઘાયલ થયા હતા**

## બાયડ વિદ્યુત બોર્ડ અભણ છે કે કેમ ?

બાયડ, તા. ૧૭

બાડ નગરમાં આવેલી સૌથી મોટી શ્રી એન.એચ. શાહ હાઈસ્કૂલ સામે પાણીની માટે



બોર અને ટાંકી છે. ત્યાં બાયડ વિદ્યુત બોર્ડ (જીઈબી) દ્વારા ડી.પી. મુકવામાં આવી છે. તે પણ લોખંડની પેટીથી ઉપર સુરક્ષા કવચ બનાવવામાં આવેલ છે. આ જોતાં વિદ્યુત બોર્ડના કર્મચારીઓ અભણ પોતાની જાતને સાબિત કરે છે તેવું દેખાઈ રહ્યું છે. પણ સામે આવેલી સ્કૂલના બાળકો માટે જોખમી આ ડી.પી. ઉપર લાંકડાની પેટીથી સુરક્ષા કવચ બનાવવામાં આવે અને ચેતવણી ભરી સૂચના મારવામાં આવે. આ લોખંડની પેટી જો ત્યાંની ત્યાં રહેશે તો આગામી સમયમાં ચોમાસુ આવનારૂ છે. તો ચોમાસાનું પાણી લોખંડની પેટીમાં ઉતરે તો લોખંડી પેટીમાં શોર્ટ સર્કિટના કારણે પણ કરંટ ચાલુ થઈ જાય તો સામે આવેલી સ્કૂલના બાળકો જીવન જોખમી છે. તો તંત્ર કેમ હજુ નિંદ્રામાં. બાળકોનું જીવન ને જોખમ થાય તો કોના માથે ?

## દહેગામમાં ખામીયુક્ત ટ્યુબવેલ બદલી ન આપતા ગ્રાહકને વળતર ચૂકવવા દુકાન માલિકને ગ્રાહક સુરક્ષા મંડળનો આદેશ

પ્રાંતિજ, તા. ૧૮

દહેગામ નજીકના રખિયાલમાં આવેલ શ્રી શક્તિ ટ્યુબવેલના માલિકે દહેગામના સાંપા ગામના ખેડૂતને ખામીવાળો ટ્યુબવેલ પધરાવી દિધો હતો અને ગ્રાહકની ફ્રીયાદ કરવા છતાં કોઈ યોગ્ય જવાબ કે કાર્યવાહી દુકાન માલિકે ન કરતા આખરે ગ્રાહકે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજમાં ફરિયાદ કરતા ગ્રાહક સુરક્ષા કોર્ટે ફરિયાદની ફરિયાદ ખર્ચ સહિતનુ વળતર ચુકવવા આદેશ કર્યો હતો. દહેગામના સાંપા ગામના ખેડૂત બાબુભાઈ પટેલે રખિયાલમાં આવેલ શ્રી શક્તિ ટ્યુબવેલ સંચાલક અરવિંદભાઈ પટેલ પાસે ટ્યુબવેલ પોતાના ખેતર માટે બનાવવા આપ્યો હતો પરંતુ ટ્યુબવેલ ખામીવાળો બનાવ્યો હતો પરિણામે તળમાં પાણી હોવા છતાં ટ્યુબવેલમાંથી પાણી નિકળ્યુ ન હતુ. જેથી ગ્રાહકે ટ્યુબવેલ રીપેર કરી આપવા અને પાણી નીકળે તેમ કરી આપવા જણાવ્યુ હતુ. છતાં ટ્યુબવેલ બનાવનાર દુકાનના સંચાલકે ખામી દૂર કરી ન આપી હતી.

વારંવારની પેરશાની સામે ગ્રાહક બાબુભાઈ પટેલે ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજમાં ફરિયાદ આપી હતી. જેના અનુસંધાન મંડળ દ્વારા પણ અરવિંદભાઈ પટેલ શ્રી શક્તિ ટ્યુબવેલ, રખિયાલને નોટીસો આપીને ટ્યુબવેલ રીપેર કરી આપવા અને પાણી નિકળે તેમ કરી આપવા જણાવેલ છતાં પણ ટ્યુબવેલવાળાએ બોર રીપેર કરી આપેલ નહી તેથી ના છુટકે ગ્રાહક હિત સુરક્ષા મંડળ દ્વારા ટ્યુબવેલવાળા વિરૂદ્ધ ગ્રાહક સુરક્ષા કોર્ટ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ-ગાંધીનગર)માં જરૂરી પુરાવાઓ સહિત ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને ફરીયાદ પક્ષે મંડળના પ્રમુખ, નટુભાઈ બારોટ હાજર રહીને દલીલો રજુ કરેલ હતી.

આમ બંને પક્ષના પુરાવાઓ અને દલીલો સાંભળીને ગાંધીનગર જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ગાંધીનગરના પ્રમુખ ડી.બી. નાયક અને સભ્ય શ્રીમતિ પ્રિતીબેન પંડ્યા તથા એસ.કે. પરમાર દ્વારા ફરીયાદીની ફરીયાદ અંશતઃ મમંજુર કરીને સંયુક્ત પણે ચુકાદો જાહેર કરીને સામાવાળાએ એક માસની અંદર ફરીયાદીનો બોર રીપેર કરી તેમાં રહેલી ખામીઓ દૂર કરી આપવી તેવો હૂકમ કરેલ પરંતુ તે હૂકમનું સામાવાળાએ પાલન કરેલ નહી માટે ટ્યુબવેલ બનાવવામાં થયેલ ખર્ચના રૂ. ૨,૪૬,૪૪૬ પુરાની રકમ હૂકમની તારીખથી તે રકમ વસુલ થાય ત્યાં સુધી ૯ ટકા વ્યાજ સહિત ફરીયાદીને ચુકવી આપવા તથા ફરીયાદીને પડેલ અગવડતા અને માનસિક ત્રાસ પેટે રૂ. ૫ હજાર અને ફરીયાદ ખર્ચના રૂ. ૩ હજાર ચુકવી આપવાનો હૂકમ કરેલ હતો.




### ૐ શ્રી હરિધામ લક્ષ્મીપુરાકંપા પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો

લક્ષ્મીપુરા (ખેડબ્રહ્મા) મુકામે સંત કાનજીબાપા સ્મૃતિમંદિર પ્રતિષ્ઠા મહોત્સવ વૈદિક મંત્રોચ્ચાર, પૂજાવિધિ દ્વારા યોજાઈ ગયો. આ પ્રસંગે સત તુલસીબાપા પાવનધામ, સંત પ્રેમદાસબાપુ - અમેરિકા, સંત જયભગવાન મહારાજ, સંત નારણબાપા, સંત હસમુખ ભગત, સંત શાન્તિદાસજી મહારાજે સંતવાણી તથા આશીર્વાદ પાઠવ્યા હતા. દાનની સરવાણી સાથે હજારો હરિભક્તોને ભોજન પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય સુરેશભાઈ પટેલ જ્યોતિ હાઈસ્કૂલ તથા મંત્રી નરોત્તમભાઈ પોકારે કર્યું હતું.



### અભિનંદન

સિદ્ધપુર ઊંઝા તાલુકા પંચાયતના નિવૃત્ત હિસાબનીશ નટવરલાલ બી. પટેલ (ચાણસ્મીયા)ના પુત્ર અને ભરૂચ જી.એન.એફ.સી.માં એન્જીનિયર તરીકે ફરજ બજાવતા હર્ષદકુમાર એન. પટેલના સુપુત્ર પાર્થ પટેલે ચાલુ વર્ષે લેવાયેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ૯૯.૧૯ ટકા પર્સન્ટાઈલ રેન્ક (૯૨.૩૩ ટકા ગુણ) મેળવી પાટીદાર આંટા સમાજનું ગૌરવ વધારેલ છે.

## ખલીકપુર ગામે નરેગાના કામકાજમાં

# ભ્રષ્ટાચાર થતો હોવાની ટીડીઓને જાણ કરતા ખળભળાટ

મોડાસા, તા. ૧૮

અરવલ્લી જિલ્લામાં મોટેભાગે ન્યાયીક કામો થતા નથી. સરકારી કામકાજોમાં મોટાભાગે ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાની પ્રજાની બૂમો ઉઠવા પામી છે. સમગ્ર જિલ્લો ભ્રષ્ટાચારના ભરડામાં ભરાયો હોય તેમ ભ્રષ્ટાચારથી ખદબદી ઉઠ્યો છે. જ્યાં જે તે અધિકારીઓની આળશ કે મીલીભગત જે હોય ત્યા ખોટુ ચાલવાની વકી રહેલી છે. મોડાસા તાલુકાના ખલીકપુર ગામની સીમમાં ચાલતા નરેગા યોજનાના કામોમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરાયો હોવાનો આક્ષેપ પૂર્વ સરપંચ દ્વારા કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. મોડાસા તાલુકા વિકાસ અધિકારી નરેગા ચાલતા કામકાજ અર્થે ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હશે તો સંપુર્ણ તપાસ કરી દંડનીય કાર્યવાહિ કરવાનું જણાવ્યું હતું.





આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર હાલમાં ચાલતા નરેગાના કામોમાં ખાતા વગરના મજૂરો-ખોટી હાજરી અને પગાર વખતે અડધા-અડધા વહેંચી લેવાની શરતે માત્ર કાગળ પર હાજરી પુરવામાં આવે છે. વળી જોબ નંબર કે ખાતા નંબર વગરના માણસો જે અંગત હોય તેવાની હાજરી પુરીને ભાગીદારી કરવામાં આવે છે. ૫૦ મજૂરોએ એક મેટ રાખવાનો નિયમ છે. છતાં ઓછા મજૂર હોય તો પણ બે બે મેટ રાખીને ભ્રષ્ટાચારને નોતરી આટલી બધી ખોટી હાજરી ચલાવી લાખ્ખો રૂપિયાનુ ભ્રષ્ટાચાર થાય છે. મોડાસા તાલુકાના ખલીકપુર ગામે સ્મશાન તરફ જતા માર્ગ પર તળાવ ઉંડુ કરવા નરેગા યોજના હેઠળ કામકાજ ચાલુ છે. આ કામમાં જોબવર્ક ધરાવતા લોકો ૧૦૦ દિવસની મજદુરી મેળવી રહ્યા છે. ત્યારે અહી ફરજ બજાવતો ક્લાર્ક ખોટી રીતે હાજરી પુરી લોકોને પગાર પુરતો ન ચૂકવતા હોવાની અને ખોટી રીતે જોબવર્ક દર્શાવી કૌભાંડ આચરતો હોવાનો આક્ષેપ પૂર્વ સરપંચ ડાહ્યાભાઈ પટેલે કરતા હડકંપ મચી ગયો હતો. પૂર્વ સરપંચે નરેગાના કામકાજમાં ભ્રષ્ટાચાર આદરવામાં આવતો હોવાનો આક્ષેપ કરતા તાલુકા વિકાસ અધિકારી આર.કે. રાજન ખલીકપુર દોડી આવ્યા હતા અને મજૂરોના હાજરીપત્રક તેમજ અન્ય દસ્તાવેજોની સ્થળ પર ચકાસણી કરી હતી અને પૂર્વ સરપંચની રજૂઆતના સંદર્ભ સંપૂર્ણ ન્યાયીક તપાસ હાથ ધરી જો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનુ જણાશે તો કાયદેસરની કાર્યવાહિ હાથ ધરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

મોડાસા નજીક ખલીકપુર ગામે ચાલતા નરેગા યોજનાના કામમાં ક્લાર્ક સહિત બેંકના કર્મચારી દ્વારા ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાના આક્ષેપથી મોડાસા તાલુકા અને અરવલ્લી જિલ્લામાં સનસનાટી મચી ગઈ છે. ત્યારે વહીવટીતંત્ર સમગ્ર ભ્રષ્ટાચાર મામલે યોગ્ય તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરે તો જિલ્લામાં ચાલતી નરેગા યોજનામાં થતી એનકેન પ્રકારે ખાયકી અને ભ્રષ્ટાચારની અનેક હકીકતો બહાર આવવાની સાથે ખરા અર્થમાં સરકારના લાખ્ખો રૂપિયા લોકોના હાથમાં પહોંચશે.